ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૩૮૫/૨૦૨૨ અરજદાર રવિભાઈ મનસુખભાઈ પરમાર નાઓની બેંકમાં ફ્રીઝ થયેલ રકમ મુકત/રીફંડ કરવા માટે સી.આર.પી.સી.ની કલમ ૪૫૧ અને ૪૫૭ ની અરજી લગત હુકમ :-

(૧) હાલની અરજી અરજદાર રવિભાઈ મનસુખભાઈ પરમાર નાઓએ સાયબર ક્રાઈમ પોલીસ દવારા તેઓની બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રુ.૫૬,૪૫૯/- ઉપડી ગયેલ હતા. જે હાલ સુધી બેંકમાં જેમના તેમ પડી રહેલ છે. તેમજ સદરહુ રકમમાંથી સાયબર ક્રાઈમ દવારા યુકો બેંક ખાતા નં.૦૫૨૯૦૧૧૦૦૨૧૨૧૭ માં રુ.૨૭, ૪૮૪/-અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતા નં.૨૦૨૪૦૨૯૨૮૬૨ માં રુ.૩,૦૨૯/-, સી.આર.પી.સી. ની કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે હાલ સુધી બેંકના જેમના તેમ પડી રહેલ છે અને અરજદારે પરત મળેલ નથી. આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. જેથી અરજદારને મોટું આર્થિક નુકશાન થયેલ છે. જેથી અરજદારે ઉપરોકત રકમ મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં ઓળખનો પુરાવો અને પાસબુકની નકલ રજુ કરેલ છે.

(૨) સદર અરજી આવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રાય રજુ કરવા યાદી કરેલ. તપાસ કરનાર અધિકારીએ અરજદારની ફરીયાદના આધારે સાયબર ક્રાઈક સેલ સી.આઈ.ડી.ક્રાઈમ દવારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણાં પૈકી સામાવાળાના શંકાસ્પદ યુકો બેંક ખાતા નં.૦૫૨૯૦૧૧૦૦૨૧૨૧૭ માં રુ.૨૭,૪૮૪/-અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતા નં.૨૦૨૪૦૨૯૨૮૬૨ માં રુ.૩,૦૨૯/- સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ ફ્રીઝ કરાવેલ છે. તેમજ સદર બેંક ખાતા બનાવટી હોવાનું જણાઈ આવેલ છે અને સદરહુ ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ સીઝ કર્યા બાબત તેમના સમક્ષ (પોલીસ) માં કોઈ વાંધા તકરાર જણાવેલ નથી. જેથી તે રૂપીયા અરજદારને પાછા આપવા અભિપ્રાય આપેલ છે.

(૩) સદરહુ મુદ્દામાલ રકમ સંબંધે અરજદાર દવારા સિવાય અન્ય કોઈએ કલેઈમ કરેલ નથી. તેમજ મુદ્દામાલ રોકડ રકમ છે, જો વધુ સમય બિનવપરાશી બેંક ખાતામાં પડી રહે તો અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તેમ છે. સદરહુ ગુન્હા બાબતે એફ.આઈ.આર.નોંધાયેલ નથી. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં અરજદારની રકમ સામાવાળા શંકાસ્પદ યુકો બેંક ખાતા નં.૦૫૨૯૦૧૧ ૦૦૨૧૨૧૭ માં રુ.૨૭,૪૮૪/-અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતા નં.૨૦૨૪૦૨૯૨૮૬૨ માં રુ.૩,૦૨૯/- ફ્રીઝ થયેલ છે. જેથી મુદ્દામાલ રોકડ રકમ નીચેની શરતોને આધિન અરજદારને સોપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

તપાસ કરનાર અમલદારને અરજદારની ફરીયાદના કામે ફ્રીઝ કરવામાં આવેલ રૂા.૨૭,૪૮૪/-અને રૂા.૩,૦૨૯/-છે, તે અરજદાર નાઓના બેંક ઓફ ઈન્ડિયાના ખાતા નં.૩૧૦૮૧૦૧૧૦૦૨૧૪૨૯ ના ખાતામાં રકમ જમા કરાવવી.

શરતો

૧) અરજદારે મુદ્દામાલ રોકડ રકમ તપાસ કરનાર અમલદાર જયારે ફરમાવે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ રાખવાની રહેશે.

૨) હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનને યાદીથી કરવી.

હુકમ આજરોજ તારીખ : ૧૨-૧૧-૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(એ. આર.તાપીયાવાલા)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ